જામનગર જીલ્લાના મે.લેબર કોર્ટના પ્રિસાઈન્ડીગ ઓફીસરશ્રી વી.ડી.પટેલ સમક્ષ,

મુકામઃ જામનગર.

રેફરન્સ (એલસીજે)નં.૯૨/૧૮.

આંક–૭

સંજય રામજીભાઈ પરેશા,

કે/ઓફ. મજુર સેવા સંઘ,

૨૮, મનુ માર્કેટ, બેડી ગેઈટ પાસે,

જામનગર........... ..... અરજદાર.

**વિરુધ્ધ.**

(૧) ક્રિષ્ના પ્રોડકટ,

પ્લોટનં.૪૯, શંકર ટેકરી, ઉદ્યોગનગર,

જામનગર..

(૨) લી માર્કેટીંગ,

પ્લોટનં.૨૪, શંકર ટેકરી, ઉદ્યોગનગર,

જામનગર............ .... સામાવાળાઓ.

---

વિષયઃ–ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૧૦(૧)(સી) અન્વયે.

---

પક્ષકારોના પ્રતિનિધિઓ :–
અરજદાર તર્ફે વિ.વકીલ શ્રી એચ.એચ.દેદા.
સામાવાળાઓ તર્ફે કોઈ હાજર થયેલ નથી.

---

**–:: એ વો ર્ડ ::–**

(૧) અરજદાર અને સામાવાળાઓ વચ્ચે ઉદ્દભવેલ વિવાદ મદદનીશ શ્રમ આયુકતશ્રી જામનગરનાઓની કચેરી ધ્વારા તેમના તા.૨૨/૧૦/૨૦૧૮ ના રોજના હુકમ ક્રમાંક એ.કે.એચ.એલ.સી./આર.એ.જે/૯૦/૨૦૧૮ થી અત્રેની કોર્ટ સમક્ષ ન્યાય–નિર્ણય માટે મોકલવામાં આવેલ છે. આ રેફરન્સની અનુસુચિની વિગત નીચે મુજબ છે.

" અરજદારને તા.૧૭/૦૭/૨૦૧૮ થી કોઈપણ જાતના વાંક, ગુન્હા કે કસુર વિના તેમજ કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર નોકરીમાંથી છુટા કરેલ છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી સળંગ અને પૂર્વવત નોકરીથી ફરી કામે લેવા જોઈએ કે કેમ? "

આમ આ બાબત ન્યાય–નિર્ણય થવા આ કોર્ટ સમક્ષ મોકલવામાં આવેલ છે.

(૨) આ કામે અરજદાર તર્ફે આંક–૬ ની પુરસીસ રજુ કરી સમાધાન થયાનુ અને ઉચ્ચક વળતર રોકડમાં મળેલાનુ જણાવેલ છે. તે પુરસીસ અન્વયે પુરસીસની શરતોને આધીન સમાધાન થયેલાનુ જણાવેલ છે. સદર પુરસીસની વિગત અરજદારે કોર્ટ રૂબરૂ કબુલ હોવાનુ અને રાજીખુશી સમાધાન કરતા હોવાનુ જણાવેલ છે, તે અન્વયે આ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે. સદર પુરસીસને એવોર્ડનો ભાગ ગણવો.

તા. ૦૯/૦૩/૨૦૧૯.
મુ.જામનગર.

**(વિનોદકુમાર દિનુભાઈ પટેલ)**
**જજ કોડ.જીજે ૦૧૧૪૮**
પ્રિસાઈન્ડીગ ઓફીસર,
મજુર અદાલત, કોર્ટ નં.૨,(જુ.ડી.),
જામનગર.